હલામણ જેઠવાના

નાટકનાં ગાયનો.

કવિ નથુરામ સુંદરજીના બનાવેલાં તે

પ્રસિદ્ધ કરનાર.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.—બુકસેલર્સ.

પુસ્તકાલય—અમદાવાદ

આવૃત્તી બીજી પ્રત ૮૦૦૦

અમદાવાદ.

રાજનગર ટાઇપ ફાઉંડરી પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૬ સને ૧૯૦૦

કીંમત ૦-૨-૦.



ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગૂજરાતી કૉપીરાઈટ સંગ્રહ
૨૬

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजरातनी कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૨૬ वर्गांक

पुस्तकनुं नाम ઈસામણ - જેઠવા

विषय ૮ : ૨.૬

લામણ જેઠવાના નાટકનાં ગાયનો.

સર્વ પાત્રો— ઇશ્વર સ્તુતિ. રાગ ધનાશ્રી.

નમન કરૂં આ વાર, માતુ મારી નમન કરૂં આ વાર—ટેક.
શુદ્ધા સારદા દેવી કૃપાળુ, બુદ્ધિતણાં દાતાર, માતુ૦
રમણિય વાહન હંસજ કેરૂં તે ઉપર થયા અસવાર. માતુ૦
આદિ શક્તિ આરાધું તમોને, નીશદીન હૃદય મોઝાર. માતુ૦
વાધ્યવાહની ક્ષેષ શોભા મા, તુજ ગુણુનો નહી પાર. માતુ૦
કીર્તી તમારી રહી છે માજી, ત્રણુ ભુવન મોઝાર. માતુ૦
કવિજન માતા શુભમતી દાતા, કુમતી દુર નીવાર. માતુ૦
... ક્ષિધુ હે કૃપા કરીને, વીપતીને તુ વિદાર માતુ૦
મુખથકી હું માગુછુ એતું, વાણી આપો સ્વીકાર. માતુ૦
અલ્પ મતીથી ગ્રંથ બનાવું, ખોડ ન દેશો લગાર. માતુ૦
ચરણ તમારે રહીને સેવક, વીનવે વારવાર. માતુ૦

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

જાય ભાણભાનો રાજ દરબાર.

આપાંજી ભાવની

કહી દીએ ન. ... ટક છંદ.

હિંસાવગો પતિવ્રતાનું પ્રતિદિન રહી સુખ શાન્તા નહી.

ની તુલ્ય પ્રકાશિત સર્જ કરે, નિત આનંદ ઓધ અહીં વિચારે.
વે સદૈ જીવો શુભ ધારી ગતી, નિત ન્યાય બંનો ધરી શુદ્ધમતી
પરમાર્થ પથ પળો નૃપતી, અરી પુંજ દળો બળ ધારી અતી.
ટાલન નારિની સંગ રહી. ભવસિંધુ તરો સુખ નાવ મહીં.
પરિપુરણ પુત્રનું સુખ લહી, વિચારો જગમા જય શબ્દ થહી.
ખો તનયા અહ વાસવસો, કીરતી, કમળો અતિ સેવિ કમો
કહું એટલી આશિષ હું મુખથી, નૃપરાજ સ્વિકારી લીયો સુખથી

લાવણી-- (અધબીચ મહોબત તોડી એ રાગ)

હું અટન કરૂંછુ દેશમાં કેવળ પરમારથ કાજ,
નથી લેશમાત્ર (૨) મૂજ સ્વારથ સુણુ મહારાજ,
શુભ આર્ય તણો (૨) કરવા મણી તુલ્ય પ્રકાશ
બોધક થઈ જગમા ફરૂં કુમતીનો કરવા નાશ.
શુરવીર ધીર (૨) જે થકી બણે નરરાજ, હુ અટન૦
શુભ ન્યાય કરી (૨) નીતિથી ચલાવે રાજ,
પ્રેમ ધીર પાળે પ્રજા બાંધે સુધરમની પાજ,
નિજ નગ્રમહી (૨) સ્થાપે નિત નવીન સમાજ, હુ અટન૦
દુરભાગી જનને (૨) આપે વિદ્યાનુ દાન,
ઉદ્યમ આગ્રહ ધૈર્યતાનુ પ્રતિદીન કરાવે પાન,
જન જેહ થકી (૨) તજી દુ:ખ પામે સુખ સાજ હુ અટન૦
તુજ રાજ જોઇ (૨) હું થયો પ્રસન્ન મુજ મન્ન,
પણ સ્થાપન કર વિદ્યા અહો ધરીશ્રુતિ ... નાશી. ટે
જેથી જગમાં (૨) તુજ વધશે કીર્તિ ...

પ્રવેશ ૨ જો.

સ્થળ સોનનો મહેલ.

સોન— (રાગ કાફી)

જીવિત જાઉં હારી સખી હું મુરખ મળે જો ભરથાર—ટેક
નૃપતી વરગમા હું નહિ દેખુ વિધા વિનય લગાર,
વ્યભિચારી અવિચાર ભરેલા ગુણના હીન ગમાર,
નહિ ઉર લાજ લગાર. જીવિત

ખાત નહિ ક્ષત્રીવટ ઉપર દુર વ્યસને લાચાર,
ક્રુર કુસંગી કપુત કુકર્મી આંજ છે ભુપ અપાર,
ધરે ન ધરમ પર પ્યાર. જીવિત૦

પુરણ ક્ષત્રી પવીત્ર પરાક્રમી મળશે જોતા હજાર
પા ો ન પ્રયત્ન વિના નહિ અવર પરે આધાર,
બને ન સ્વકરથી લગાર જીવિત૦

લક્ષ્મી— (રાગ ગરબી)

સખીરે સફળ થશે મન ધાર્યું,
નથી કરે તાત કદી કામ અવિચાર્યું—ટેક
ભણેલ છો તમે અપાર શાસ્ત્ર ધીર ધારી,
વિવેકમા વિશેષ રૂપમા અશેષ પ્યારી,
તમામ વાત તાતને વિદીત તે તમારી. સખીરે૦
તમે સદાય પ્યારથી રહ્યા સ્વધર્મ ધારી .
અનિતિને વિસારી પ્રીતિ નીતિમા વધારી,
સદાય રેતની સુ ... છે તમારી સખીરે૦
... ભરેલ ભક્તિ જોઇ બારી,
કદી દી... કલેશ આપને મુરારી,
દિપાવશો પતિવ્રતાનું નામ પુરણ પ્યારી સખીરે૦

સોન— (સાસરા)

શીર આવે સંકટ અપાર છોને સખી શાણીરે,
પણ મૂર્ખ ધણીનો મહીમા ન હું તો પાણીરે;
મળતા મુજ સમ ભરથાર વરિશ મુદ ધારીહે.
નહીંતો હું વિતિશ દીન રહીને કુમારીરે,
કદી માત પીતા મુજ ધાર્યું નહીં દે જો કરવારે,
તો હું થઇશ ત્રુતે તૈયાર આ તન પરહરવારે;
મેતો ધારી છે દ્રઢ કરી ટેક અંતરની માંહીરે,
તેને પૂરણ કરવા કાજ રહિશ પણ આહીરે
મૂર્ખ નાથના હાથમાં આવિને તન મન મારૂં રે,
આ સંસારનું સુખ અલભ્ય નહીં હુંતો હારૂં રે,
ધર્મ અર્થ સુકામને મોક્ષ પમાય આ તનથીરે,
તે અકારથ કાઢતાં કેમ વિચારૂં ન મનથી

પ્રવેશ ૩ જો.

સ્થળ સોનની માનો મહેલ.

સોન—૫૬ (નાથ કૈસે ગજકો બંધ છોડાયો એ રાગ)

નથી મૂને વર વરવા તણી મરજી બંધ સગો સંબંધ સુણી અરજી. ટેક
નજીરે નહીં સમ મન ભાવન સત્ય વિચાર છે એનો;
માટે કુમારીકા વ્રત સત્ય ધારી રહેવા વિચાર્યું છે મેતો. નથી.
લેશ કલેશ નહીં ઉર ધારશો, સણી મુજ વચન નકારૂં;
ઉભય ગતીથી ભ્રષ્ટ બનીને કેમ જીવિતાવ્ય કહો હારૂં. નથી.

રાણી— (રાગ સારંગ)

અરે આશું વચન વદે પુત્રી મારી થઇ ભ્રષ્ટ મતી કુમારી. ટેક..
કઠણુ કુમારિકા વ્રત અહિ રેહવું પળ પળમાં ભય ભારી;
સત્ય અસત્ય કહે કોઇ જનતો આબરૂ જાશે આમારી. અ

સાંભળે આ કદિ વાત પિતા તુજ, તો કહે પુત્રિ નઠારી,
નિંદા થશે નૃપ વર્ગની માંહી વાં'લી તું જોને વિચારી. અરે.

(રાગ પીલુનો ગરબો.)

અઘટિત કર્મ કદિ ન કરીયે,
વાં'લિ વિચારીને જો દિલ મારે—ટેક.

ગોતિશ હું મુગલીયલ વર તારો,
નહિ કરૂં મુગલની સગ સગાઇ, . અઘટિત૦
વિવટ અતિ રજપુતની રીતી;
જાતથી કોઈ સંબંધ ન થાયે, અઘટિત૦
અન્ય પ્રયત્નથી રત્ન સમો વર,
શોધિશ સત્ય કહું સમ ખાઇ, અઘટિત૦

અંક ૨ જો.

પ્રવેસ ૧ લો.

સ્થળ ધુમલીમા શિવાજીનો દરબાર.

સોમ્યદેવ— (હરીગીતછંદ)

સતિ સોનના મદ નખતણી જ્યોતિર જવાહિર તુલ્ય છે.
વળિ આંગળી ચંપા કળી પત્ર રક્ત કજ અમુલ્ય છે;
છે એડિયો અતિ કોમળ મારગી સમી રંગે ભરી,
ધનુ મુલ દ્રવ્ય ખુટી જળી સ્મર સ્થતણા ના સમધરી. ૧.
પગ પીડિયો [illegible] કદલિ સ્તંભ બાથા નમી,
રૂપ જાનું ગંથી ઉંઠાટી મનમથન ક્ષણી મથની સમી;
જુગ જંઘ કુંભી સુંઢશી વળી રંભ સ્થંભ પ્રમાણ છે,
નીતંબ પુષ્ટ વિશાળ જાણે જલજ છીપણુ પ્રમાણ છે. ૨.
કટિ જાણીયે મૃગરાજ નાની જકે કોથ સમી બણું,

અલિવેલી પત્ર પ્રમાણ કોમળ પેટ છે પ્રમદા તણું;
ત્રિવળી સુસોભીત તે પરે જ્યમ ત્રિવેણીની ગણું,
લખી રોમ રાજી ભાન થાએ સ્મરસુતા ઉપવન તણું 3
પડખા ભલા પ્રમદા તણાં પરિ કનક પક્ષ પ્રભા ગ્રહે,
ઉન્નત અતિ સ્તન તેહના સ્મર તખુની ઉપમા લહે,
આપે અતિ આનંદ સ્તન કાળાશ ભાગ તણી પ્રભા,
જાણે સુમેરૂ ઉપરે બેઠી મધુકરની સભા. ૪
છે કામ નટ નવરંગ ભુમી વક્ષ શુભ વામા તણું,
કર કંજ નળીઓ તુલ્ય મનમથ ડંડ ભાત્રથી ભણું;
કર કંજથી પ્રગટેલ આંગળી વેદ સ્વર શોભા લહે,
જાવક ભરેલા કર નખો માણિક કણી ઉપમા ગ્રહે. ૫
છે પીઠ મન સીજે ચીત્ર પાકી કદળી દરસી કોમળી,
દેખાય કમ્બુ ગ્રીવ કંઠ કપોત આકૃતિએ ભરી,
ચીબુક ત્રાજુ અમૃફલ પર લઘુ ભ્રમરીના તુલ્ય છે
પાકેલ બીમ્બ સમાન ઓષ્ટ ગણું પ્રવાલ અમુલ્ય છે
રસના દરશન સમુદાયમા શોભે પ્રભા પુરણ ગ્રહી,
પાકેલ દાડમ કણ મહી જાણે અરૂણ રેષા રહી,
શુક ચંચુ જેવી નાશીકા મ્રગ મીન જેવાં નેણ છે,
ધનાખાકૃતી ભ્રુભાલ નલિનિદલ સામુ સુખ દેણ છે. ૭
કોમળ કમળ દળ તુલ્ય સુભગ કપોળ છે શ્યામાતણા,
છે છીપ જેવા કાન જોતા ભાન ભુલે જન ઘણા;
મુખ ચંદ્ર જેવુ ચળકતુ ઉપમા ધરેલ અનેક છે,
શુ વર્ણવુ હુ ભુપ અદ્ભુત રૂપ રસના એક છે. ૮

સામ્યદેવ— (સોનની મોકલેલી સમસ્યા)

સોરઠો.

ઘણુ વણુ ઘડયાં એરણને અડયા નહીં,
સરવડ સ્વાત તણાં મળે તો મોતી નીપજે;

[હલામણે પુરી કરેલી શમસ્યા.]
(હલામણે સોનને મોકલેલી સમસ્યા.)

દોહરા

માતા મેરામણ વશે પીતા વસે કઇલાસ,
જુના જોઈતો મોકલું નવાં તો આશ્વીન માન.

પ્રવેશ ૨ જો.

સ્થળ શીયાજીનુ એકાંત ભુવન.

શીયાજી— (ખમાચની ઠુમરી)

સોનનું સ્વરૂપ સુણી ઉર અકળાયે,
ઉર અકળાયે મન મળવાને ધાયે—ટેક.

પીતાને પ્યારી તે કેમ પુત્રથી વગયે;
નિતિને વિચારે રત્ન હાથ થકી જાયે. સોનનું૦
માગ યોગ્ય માનિતિ એ અવર શુ ચાયે,
હારૂં છુ જીવીત જો આ મારી નહિ થાયે. સોનનું૦
મેળવીશ માનિતિ એ અનંત ઉપાયે;
સત્ય કહુ છુ કરી સંકલ્પ મનમાય, સોનનું૦

લાવણી

વસી છે મુજ ઉરમા પ્યારી (૨) પ્રાણ જતાં પણ રૂપ ખીણ નહી
મુકુ વીસારી—ટેક

મદન વીમાસી એ નારી મદન શંગારે તણુ ભારી,
તીલોતમા ઉર વસી વસીલી કાઢે પીકાર વસી છે૦
હરણ્ગતી ગજતી કરનારી અહી સમવેણુ ધરનારી,
મુખ આકૃતીમા ચંદ્ર બીંબ સાથે અનુસરનારી. વસી છે૦
ખાલ અંગ ક્રમને ધરનારી ભ્રમર ઉર શંકા ભરનારી,

દુનીયા દરિયે વીના નાવ તારીને તરનારી. વસી છે૦
સત્ય કહુ વાત આ વિચારી કરિશ એ પ્યારીને મારી;
બાનીશ સહી દુખ દંદ હુ એના સુખનો અધીકારી. વસી છે૦

પ્રવેશ ૩ જો.

સ્થળ હલામણનું શયન ગ્રહ.

(હલામણ-ગોપીચંદ ચરિત્ર તુમ સુનો મેરે સુખરાશી રાગ)

કરશે કયારે મળી દીલ શાંત હવે પ્રિયા મારી,
દીલ વ્યાકુળ છે દીનરાત પેખ્યા વીના પ્યારી,
વધ્યો ઉરમાં અતિ ઉતપાત ભુવન ભયભારી,
નથી રહેતું હવે ક્ષણવાર ધીરજ મન ધારી. કરશે૦
શુભ અનર લેપથી આજ ઉરે ભય પામુ,
પુષ્પ હાથ થકી તો હજાર ઉચાટમાં જામુ,
સુખ સાધાન શ્યામની વીણુ દીયે દુઃખ ભારી. કરશે૦
મન વળગ્યો વીરહનો રોગ ટાળ્યો કેમ ટળશે,
અન્ય ઓષધથી તો જરૂર આ પ્રાણ નીળકશે,
સોન સુદરી સદગુણ વૈદ કહો કેદી મળશે.
મારી આવરદા એને હાથ કહુ છુ પોકારી. કરશે૦

(દેખી તેરી વફાદારી એ રાગ.)

મહા જુલમ જગતમાયે પુત્ર પતિન પીતા ચહાયે—ટેક.
સુણી એ ભયકારી ઉચાર ઉરમા વધે વિચાર,
બનુ બેજાર કરે શુ હાયે. મહા જુલમ૦
બનતાં આ અધર્મ કર્મ રહેશે નહી ધર્મ,
ભાગશે ભર્મ લાજ સૌ જાયે. મહા જુલમ૦

ધરી શકે નહીં ધરા શેષ કુર્મ રહેશે કલેશ,
ન ધરમનો લેશ જરૂર જણાયે — મહા જુલમ૦
ખમ સંકટ પડયો છે મારે શીર બન્યો છું અધીર,
બંદાય શરીર વ્યાકુળ જીવ થાયે. — મહા જુલમ૦

પ્રવેશ ૪ થો.

સ્થળ બાલબામા રાજસિંહનો બગીચો.

સોન—(રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે એ રાગ)

નમુ જુગદંબ રૂદ્રની રાણીરે, જ્વાળામુખી પ્રગટ જુગ જાણી ટેક.
હુ છુ બાળ અબળ કર સાઓરે, દુ:ખ વૃંદ તમામ નસાવોરે,
પડુ પાય પ્રસન્ન દેવી થાઓ નમું જુગદંબ રૂદ્રની રાણીરે
ભવસાગર છે ભયકારી, ચાહુ હાંકવા હોડી મારીરે
દેજે સદગુણી મુજને સુખાણી, નમુ જુગદંબ રૂદ્રની રાણીરે
જેના હાથમાં તનમન દેવુંરે, સદા કાળ જેને સમ રેવુંરે
તે મુરખ મળે તો દુખ કેવુ નમુ જુગદંબ રૂદ્રની રાણીરે
માટે આજ મુજ અરજ સ્વિકારીરે, ત્રિપુરેશ્વરી લેજો તારીરે,
મને કરજો કોવીદની નારી, નમુ જુગદંબ રૂદ્રની રાણીરે

શાર્દુલ વિક્રિડિત છંદ.

હે અંબે મહીવાસુધી ગુણભરી, જો દાસી સામુ ફરી,
વીધ્નો સર્વ હરી મને સુખ કરી, દેજો સુખોની ઘડી.
માગુ મદ બરી મુખેથી ઉચરી, આશા તમારી ધરી;
આપો તો કરૂણા કરી પતિ ગુણી ના આપી દેશો અરી.

(શિવ ધનુ કઠણ કઠોરરે [illegible] એ રાગ)

કાં ન વિચારીએ કરતા [illegible], તનમનધન જેને સોપવું [illegible].
પાલખીએ [illegible] અન્ય પદાર્થ; આતો કરમ સંગ જાયે જડાય [illegible] ન.

રહીને અચેન જો ચપલ ઘડી, જીવવું જગમાં બને દુઃખ હાઇ કાં ન
સુખ દુ:ખનો કરવો જેને સાથી, શુન રહો રુખિએ મનમાંહી કા ન

રાગ માઢ

મારી પ્રાણ પ્યારી પાર્વતી ભલે આવી તું અહીં;
પ્યાગ નાથતણા પ્રાકમનો પત્ર આ લહી —ટેક.
આનંદ મારા ઊરગારે સખી નૈ સમાયે આજ,
મનવાચ્છિત મુજને મળ્યું મારાં સિધ્યા સર્વે કાજરે ભલે
આદીત ઉગ્યો આજનોરે, શુદ્ધ સુવર્ણ સ્વરૂપ,
મે વરસ્યો મોતીતણો, મારે આજનો દીન અનુપ—ભલે
અજવાળામા આવીયુરે આ ઘડી જગત તમામ,
સુખ દેખુ સહુ ઠામમાહી દેખુ દુ ખ નામરે ભલે.
આપુ છુ ઇનામમા લે આ હાર અમુલ્ય,
આ દુનીયામા અન્યને નહી તેવડુ તારે તુલ્યરે ભલે.

અંક ૩ જો.

પ્રવેશ ૨ જો.

સ્થળ ધુમલીસા શીવાજીનો એકાત મહેલ.

શિયોજી— (સીયાનો કનરો)

અદીઠ પ્રિયા વશી અતર મારે, મુજ મન એ વીણ અન્ય ન ધરે—ટેક
એ મદિરાક્ષી તાઝો કર મુજને, શુભ મધુપાન કરાવશે કયારે—અદીઠ
ક દીન વાણી પિયુષને પુરે, મુજ મનઃ પ્યાસી પપીહમે તારો—અદીઠ
કામની કામની તુલ્ય એ ભામની,ભામની, કેદિ જગાવશે પ્યારે—અદીઠ.
એ દીન કેવો હશે સુખ રૂપી જે દિન સોન આવસે ઉતારે—અદીઠ

સ્થળ નદીનો કિનારો

(જુઓ જુઓ વિપ્રે ભીડી હામ. એ રાગ.)

આશુ બોલે અલી બાનડી અજાણુ, વધારે ના વદીશ હવેરે,
તારા બોલ લાગે મને તીખા બાણુ વધારે ના વદીશ હવેરે.
જેવી છું તેવી જણાય છે જરૂર વધારે ના વદીશ હવેરે,
કાળા કરમની કરનારી કુર વધારે ના વદીશ હવેરે,
મને લાગી છે અંતરમાંહી લાય વધારે ના વદીશ હવેરે,
તારૂં મુખ મને લાગે દુ ખદાય, વધારે ના વદીશ હવેરે,
હવે બોલી જોજે રાખ્યા વિના સુર્ત, વધારે ના વદીશ હવેરે,
તોડું તાળવેથી જીભ તારી તુર્ત, વધારે ના વદીશ હવેરે

રાધા— (સદર)

જોઇ જોઇ તારી શિરોમણી શાન, વિવેક તો વચારો હવેરે,
કહે ટેણુને મોઢે ઢુંઢેણુ કોણુ, વિવેક તો વચારો હવેરે,
ભણી ગઇ પણુ ગઇ નથી લેશ, વિવેક તો વચારો હવેરે,
આવી પરણવા ચાલી પરદેશ, વિવેક તો વંચારો હવેરે,
કરી જાણે નહિ ગુણુ તણુ મુલ, વિવેક તો વચારો હવેરે,
ગણે મુરખ ગણીને સમતુલ, વિવેક તો વચારો હવેરે,
પતિવ્રતા મહી થાશે લેશે પાપ, વિવેક તો વચારો હવેરે.
થાશે ધણી જે છે ધરમનો બાપ, વિવેક તો વચારો હવેરે,

(દોહરો.)

ખાધી મુકી લાખ લીયે, ઉધાડી વા ખાય,
હલામણુ હુલ, પારખે, સોન સીમાડે જાય.

પ્રવેશ ૩ જો.

સ્થળ સોનનો ઉતારો.

સોન — (સોયાનો કનરો.)

નથી મુજને સખી આ સહુ ગમતું
વિવિધ વિચારમાં મુજ મન ભમતું—ટેક.
ચંદન ચીત ચલિત કરે છે,
અંતર અગ્નિ બની તન દમતું, નથી૦
સેવતિ નારી હરે સુખ સઘળું,
પુષ્પ શુગેથી નથી દુઃખ સમતું. નથી૦
સુખ ઉપચારથી શાંત નથી,
મન વિરતક બારિધિમાં રહે રમતું. નથી૦

લક્ષ્મી— દોહરો.

બાઇ મને બાની વઢી જે નદીએ ભરતાં નીર,
એક વચનને કારણે સોસાયું મારૂં શરીર.

સહીઅર દુઃખ શું દાખવું એ રાગ.

શું કહું વાત વિસ્તારીને કહેતા જીભ કપાય
નીરલજ ભોડીના બોલથી ઉર ક્રોધ ન માય---ટેક
મરજી મુજ'મ મદ છક વદી દુષ્ટ વચન અપાર,
અબુધ કહ્યા વળી આપને માર્યો વચનનો માર શું કહું
સમરથા પુરણ કરે જે ધણી તેને જાણે છે કોણ,
વણ સમજુ વર થાય છે નથી વાતમાં મોણ. શું કહું.
સોન શિયા ઘરમાં જશે જે છે બાપને તુલ્ય,
ખાગે હલામણ હીરલે ભૂપ આપસે ભૂલ. શું કહું.

પંડિતને આવતો જોઇને.

સોન— આથી કહું કેમ લેખ રે.

ધિક ધિક તને નિમકહરામ, બતાવીશ માં મુખ મનેરે,

કર્યું વિશ્વાસ ધાતી તે ખુરૂ કામ, બતાવિશ્વમાં
લલચાણો દુષ્ટ લક્ષ્મીને કાજ, બતા૦
થઇ કલંકીત વિદ્યા તારી આજ, બતા૦
આવું આચરતાં ભયકારી કર્મ, બતા૦
નીચ નાવી જરી તને શર્મ, બતા૦
પાપી પતીવ્રત થાતાં મારૂં ભંગ, બતા૦
શું થડત તને સુજશતો રંગ બતા૦
મુજ સસરો શિયોજી પિતા તુલ્ય, બતા૦
તેને પતી તું કરતે દઇ ભૂલ, બતા૦
હા હા નીચ તુંતો નરકે પડીશ, બતા૦
આવા કાળાં કામ ફરી ન કરીશ. બતા૦

સોન— સોરઠો.

સુડી ભર્યો સણગાર મને શિયાનો શોભે નહિ,
હલામણ ભરથાર, શિયો અમારો સાસરો.

પ્રવેશ ૪ થો.

સ્થળ હલામણનો મહેલ.

હલામણ— (તગદીર હમારે ફકના એ રાગ)

કોઇ ઇલાજ આ ઘડી મુજને મળે નહીં
આ ધર્મ સંકટમાંથી તીરતો જડે નહી—ટેક.
પડુ છું ખાઇમાં વિચારૂં વાટ દુષ્ટ જો,
અપાર કષ્ટ શાહ સુખનો જડે નહી. કોઇ૦
ગણાય પુત્રી તુલ્ય પુત્ર પત્નિ જોઇએ,
તે દુષ્ટ વાંછના કરે હિસે ડરે નહી. કોઇ૦
હરી હરી હવે અધર્મ આવી ઉલટયો,
આ કર્મથી આકાશ કાં તુટી પડે નહી કોઇ૦

(હમકુ છાંડ ચલે બન માહ્યુ એ રાગ)

(મોનનો પોતાના ઉપર આવેલો પત્ર)

પ્રાણપતી છો આપ અમારા હુ છુ આપની પ્યારી વાલા—ટેક.
મદકશા દુ ખો દાવાનળ શીરપર, નહી રહુ તમારી ન્યારી વાલા—પ્રા૦
ભાન પડી નહોતી પતિ પહેલે મુર્ખ હું માનાતી જાતી વાલા,
મન અમલ નહી સમજાણુ આજ હવે દુ ણી થાતી વાલા પ્રા૦
પંડિત દુષ્ટ પ્રપચી પુરો મુજને દુ ખમા નાંખી વાલા,
તોપણુ પાળીશ પુર્ણુ પતિવ્રત રાખી ઇશ્વર સાખી વાલા. પ્રા૦
આ મુજ પત્ર વિલોકી પ્રીતમ દુ ખથી લેજ્યે તારી વાલા,
નહીતો આ દાસી તને તજશે કહુ છુ સત્ય પોકારી વાલા. પ્રા૦

પ્રવેશ.પ મો.

સ્થળ શિવાજીનુ એકાંત ભુવન

શિવાજી— (ક્ષત્રી કલક કેમ લેશેરે એ રાગ)

પાપી પ્રપચની જાણી તારી પેર, હલામણુ હરામી તુ છુ રે,
નથી ઉરમા નમેરા તને મેર હલામણુ૦
નહિ કરવાનાં કરે છે તુ કામ, હલામણુ૦
તુ તો બાપને કરીશ બદનામ. હલામણુ૦
ક્રુર કામથી બર્યું છે તારૂ અંગ, હલામણુ૦
તને સાપડયો છે કુસ ગીનો સ ગ હલામણુ૦
તારૂ આનન બતાવમા અસુર. હલામણુ૦
છોડ પ્રપચ પ્રીતિને રહે દૂર. હલામણુ૦

હલામણુ— (ગોપીચંદ લડકા એ રાગ)

મમ તાત કૃપાળુ વચન વદોમાં ઉતપાતના—ટેક૦
કદી ન ધારૂ દુષ્ટ ધારણા કહુ સત્ય સમખાઇ,
આપ પીતા હુ પુત્ર તમારો વિશુ ખાઇતુ ન કંઇ ઇરે ગમતાત

તુચ્છ રાજનો લોભ ન સમજું ગણું સ્વર્ગ સુખ તુચ્છ,
ભ્રષ્ટ નહી થાઉં આ ભવમાં તજી શેવ પિતુ સ્વચ્છરે, મમતાત
જાણી રાજ્ય સંપતી છોડી આપ વચનને કાજ,
પણ આરોપ દુખદ અંતરમાં સાલે છે શિરતાજ, મમતાત
પીતુ ભક્ત હુ પ્રાણ સમરપી દઉં આપને શર્ણુ;
આપ કોપથી ઉત્તમ ધારૂ આ ઘડી મારૂ મર્ણુ. મમતાત

(લાવણી)

હુ જાઉં સ્વભૂમિ છોડીને ક્હી નહીં આવુ આ ઠામ
શિર ક્રોધ કરો શિર ક્રોધ કરો કરૂ પલમાં પાણી હરામ—ટેક
હુ પીત ભક્ત (૨) નહિ વાક્ય પીતાનુ કાપુ
હુકમ કરોતો હર્ષથી મમ પ્રાણ નિકાલી આપુ,
તજી સ્વર્ગ સુખ (૨) નહિ પડુ નર્કને ધામ હુ જાઉં
ગણુ વેદ વાક્ય (૨) પીતુ વચન આપના સર્વ,
ચિરૂ જહા વાણી વળે ત્યાં નિશદિન ત્યાગી ગર્વ,
કરી પીત્ર ઘાત (૨) નહિ કરૂ કલંકિત નામ. હુ જાઉં
નહિ લેશ માત્ર (૨) હું ગણુ આપનો દોષ,
દોષ સહુ તકદીરનો નહિ કરૂં કંઈ વ્યર્થ અફસોસ,
લો રહો સુખી [૨] હુ દુ:ખીયો છોડુ ગ્રામ. હુ જાઉં

અંક ૪ થો.

પ્રવેશ ૧ પહેલો

સ્થળ કુમલીનુ પાદર.

હલામણ— (નાગનકે બચે નાગ હુસે પ્યાર નહિ કરના.
એ રાગ)
વિદેશ વાટ જાઉંછુ આવાર કુમલી,
પીછે વિયોગ તારો અપાર હુ મથી—ટેક

છું દુષ્ટ દેશ હીત મુજથી નથી બન્યું;
કરૂં છું બુમો ત્યાગ લઇ ધિ઼ક્કાર ધુમલી. વિદેશ૦
પ્રાણુ પ્યારી મારી સૌ સોપુ છું તુને;
તુ રાખજે કરી હૈયાનો હાર ધુમલી, વિદેશ૦
અપાર દોષ આહરા ન ઉર ધારજે;
કરૂં છુ વારવાર નમસ્કાર ધુમલી. વિદેશ૦

દોહરો

દેશવરો દશાર સાચ્યો, દીયે શિખ જેહવે,
હવે જાહને ભણજે જુહાર હાથે ગયો હલામણો.

સ્થળ સોનાનો ઉતારો

સોન— સોરઠો

ઉતારો અગાર મને લાગે જાતાં જેહલો;
મારી ઉરમાં માર કર્યા હાલ્યો ગયો હલામણો.
(હલામણે મોકલેલો પત્ર હાથમાં લઈ.

(રાગ વણુજારાનો)

આ પત્ર વાચીને પ્યારી, મન દ્રઢ કરજે મતી ધારી—ટેક.
આ વખત આપણા માથે, નાખ્યુ ત્રીભુવન નાથે,
તે ભોગવવુ ભય ટાળી. મન દ્રઢ૦
હું છુ સહુથી દુરભાગી, જાઉ તારણી તુજ ત્યાગી
શુ દઉ શીખામણુ તુજને, છે પુરણુ ભરુસો મુજને,
રહેજે તુજ ધર્મ સભાળી. મન દ્રઢ૦
જો મીલાવશે જગ સ્વામી તો ફરી મળશુ દુ.ખ વામી,
આ ઘડી તો જઉ દુ:ખકારી. મન દ્રઢ૦

સોરઠો.

હલામણુને હોઠે ખસેવેલ પરવળા,
જે દિ નવરો દિનોનાથ તે દિ ઘરએ ઘડયો હલામણો

હલામણની હડતાલ, આગળીએ ઉત્રડેલ નહી,
કુચી વીના કમાડ, જડીને હાલો જેઠવો

(ગીતિ)

દુરભાગી હુ દાસ, પ્યારા તમથી રહી સદા દુરે:
કિનમ વખત તુ આવ્યો, દીનદીન દુ:ખણી કરી કરમ કરે

શિયોજી—શીવ ધનુ કઠણ કઠોરરે માઇ એ રાગ

અમ બસ બોલતી બધ રહે તુ મુરખ બાનડી બોધ કરેશુ–ટેક
વગર વિચારે વદે મુખ વાણી, રાજની રીતીથી લાગે અજાણી અમ
તુ મની હીન મુરખ તુજ બાઇ, કેમ વિચારે નહિ મનમાંઇ અમ
કાળનો પંજો પડયો તુજ માથે, નહિ સમજોતો થસો દુખી હાથે અમ
નહી વદેજ ફરી વગર વિચાર, મારવી પડશે ગુલામડી મારે અમ

સોન— (ક્ષત્રી કલંક કેમ લેશેરે)

દાદા તાત આ આશો કરો ઉતપાત, ધરમ ઉરમહી ધરાર
તમ કુબુદ્ધિએ ઘેરી લીધુ ગાત્ર, પ્રભુથા દીલમહી ડરોરે
પતિ પુત્રીને કહો પ્રતીપાલ, ધરમ૦
નભ તુટી જાશે જરા રસાતાળ, પ્રભુ૦
આ છે અનીતી બનેલુ ભુડુ કામ, ધરમ૦
થાશે કલંકિત જેઠવાનુ નામ, પ્રભુ૦
કુંભીપાક પડવાને થશો પાત્ર, ધરમ૦
કહેવાસો કાળા કુળથી કુપાત્ર, પ્રભુ૦

પ્રવેશ ૩. જો.

સ્થળ સિંધની હદનો દરિઓ.

હલામણ—(પડ્યુ છુ વિછુટા પ્રિયા એ રાગ.)

મુજ જન્મ ભુમિનો વિયોગી હું થયો હવે,
સખી મનુષ્ય વર્ગમાથી હું ગયો હવે—ટેક
તજી પવીત્ર વર્ગ મે તજ્યો,
તજ્યુ તમામ રાજ્ય ભ્રષ્ટ હું રહ્યો હવે. મુ૦૪૦

કા રહ્યો સ્વદેશ મારો પ્યારા પ્રાણથી,
જરૂર જરૂર દૂર તેથી આવીયો હવે — મુજ૦

(વાસને કહે છે,)

સોરઠો.

હુલામણુ હતા કાતરીયે કપાતી નહીં,
જંગલો જાતા તું આજ વનવન વીખાણો વાંસડા

સોરઠો.

ગરડાની ભરી બાથ, લઈ આંગણ રોપવું,
રેશાઈ હીક વીધન તારૂ વાડન,

સોરઠો.

વાલા વિયોગી વાંસ, આહીં શીએ અવગણે આવીયો
બાણુંને મારી બાનના, ગને સદેશો કાંઈ સાનના

સોરઠો.

ડાંગો લઈ કરડીયો મળી ઝીકયો ઝપુમા,
લાઠ લેવાનો તેથી આજ શુદ્ધ ન રહી સાનની.

સોરઠો.

જાળીડા નાખને જાગ બોહ બેગમણુ મજે,
કરમ છે કપાગ કે બોલેનને બારડે રહ્યા

સોરઠો

જાળીડા નાખને જાગ વાગ નમતની નોધાને,
માપ આવે શશાનાને શેવાણ કા માછલીયું ટોળે મ”

પ્રવેશ ૪ થો.

અનુ હુલામણુની ફૈઈઆની દાસીએ તેને બજારમાં જોયો તેથી

કાળો ઘોડો કાટવો બગર બીજુ હાથ,
બાઈ આપણી બજારમા મે દેખી જેહવાની બાગ
આગળીયે ગોગઢ વળે નહિ વેઢા કે વળ
બાઈ આપણી બજારમા મે દીઠો ગાવવા વગ,
હડકે ઉટજ હાક, પગ પાની કરો કુરે,

જાની ઘરે બાળ, હલામણ હશે નહીં.

હલામણ— (તેની ફુઈબાને કહે છે)

સુખની સેંથા નેમ, સધ્યાયે સુવાસ નથ,
હલામણને હોય સોન વિજોગ સાથરો.

અંક ૫ મો.

પ્રવેશ ૧ લો.

સ્થળ ધુમલીમાં સોનનો ઉતારો

સોન— (પદ ધન્યાશ્રી)

નજર કરો દિનાનાથ મુજપર નજર કરો દિનાનાથ—ટેક
દુઃખ ભરણ કાળા અહમાંથી અબળા પડીછુ અનાથ, મુજ,
પીડા પામુ પાળી પતીવૃત શ્રીહરી કરજો સનાથ મુજ

(ચંદ્રમુખીને એકલી એ રાગ)

હવે વિચાર શુ કરે રંગરસ્થી દુષ્ટ મારને,
અધર્મી નીચ આ ઘડી તમામ કષ્ટ હારને ટેક
નહીં ડરૂં જરી જરી વિલોકી તેગ તાહરી,
તૈયાર છુ સમર્પી શીશ છોડ વ્યર્થ વારને હવે
પતિવૃતા છુ પ્રેમદા ભજુંછુ નાથને સદા,
જતા શરીરની ફક અધર્મ ના વિચારને હવે
કરોડ વાતોના ધણી વિલંબ કાં કરો ધણી,
નિવાસી કુંભીપાકના કુપંથ તુ વિચારને હવે

શીંયાજી— (રાગ સોરઠ બેતાળી)

ઉર પામે છે પરીતાપ વચન તુજ સાંભરીરે ટેક
મારૂં એ થાય છે મનમાં અહીંયાથી વાસ તેમા,
હાલીશ અંતે જીવ હોડીથી તું ખરીરે, ઉર
સદગુણ તારો કેમ મુકાણો જેણે બાંધ્યો પ્રીતીનો પાળો,
વરતે નહીં વાળ્યા વચને અનુસરીને, ઉર
હાય હલામણ છે ક્યાં આહીં જેનું સુખ તે તુ પણ મળી,

વળ મોતે મરવાને પથે શુ પડીરે — ૬૨
આ ટાણે જાઉ તજી તુજને, મેંયો છે શત્રુએ મુજને,
પણ ફરી હુ આપીશ તુજને આવી ફરીરે. — ૬૨

માન—(સ્વગત) (આશાઓડી)

વાબુ મુજ વારે ચડજે અબળા ગણી મૂજ વારે ચડજે ટેક
પુત્રી પતીવ્રત પીડિત વિલોકી દાવાનળ દુખ દળજે — અબળા
આ મરણુ મહા દુખ હરીયે કરૂણાળુ કર ધરજે — અબળા
ઝ' ન બેલી છુ હુ એકલી દયા કરૂણા કરજે. — અબળા

સોરઠો

હાથાની હરમાય મે વાલી વસ્તુ વિસારીયુ
હંડા કરો હાર જે હતો હલામણુ જેહવો.

પ્રવેશ ૨ જો.

સ્થળ. શીકારપુરમા સિધના રાજાનુ અતપુર.

દોહરો

લાખા પહેરે ઘાઘરા ને પેટ ડગરીયુ
વારૂ સોનના ઉપરે લઇ સોળહે મૂનરીઉ

પ્રવેશ ૩ જો.

સ્થળ સિધની હદનુ જગલ.

હલામણ— (છોડદે અભીમાન એ શાહ)

પડે ન મુજને ચેન પ્યારી પડે ન મુજને ચેન — ટેક
મનધીન હુ પલ પલ તલકુ પ્રિયા વિના દિન રેન.
નયન ઉપચાર વિમુખ આ ટાણે બને મુને દુખ દેન — પ્યારી
દશે દિશામા દુખ દુખ દેખુ જોઉ જયા ભરી નેન
હુ દરભાગી દુખનો પ્રાણી અધિક સતાવે ચેન, — પ્યારી

(ગીતિ.)

ક્યા રહી સોન સુભાગી હુ દુરભાગી સહુ દુખ ભારા,
વિયોગ એ વાલીનો સૂહન થશે નહિ જશે પ્રાણ મારા.

(નાગકે ભચે નાગ હુસે પ્યાર નહિ રચનાં) એ રાગ

નહિ બચુ જરૂર હું હવે હરી હરી
ડશ્યો આ દુષ્ટ સર્પ મુજને હરી હરી—ટેક
પ્રિયા તણા વિયોગમાં હુ જાઉછુ મરી
મુરાદ પ્યાર ના મળ્યો મને હરી હરી નહિ૦
અપાર દુઃખમા પડી છે પ્યારી માહરી,
વિશેષ દુ ખણી થશે હવે હરી હરી નહિ૦
દુઃખી થયો હુ દુષ્ટ પ્યાગીને દુઃખી કરી,
થઇ ભ્રષ્ટ સ્વર્ગે મૃત્યુથી મરૂ હરી હરી નહિ૦

સોરઠો.

વળજે સોન સુજાણ હુતો છેલે સમયે;
પામી નથી તું પ્રાણ અધ ઘડિએ આરામની

સોરઠો

હલામણ હિલોળ હવે દુ ખના દરિયા વળયા
અમણી પાંજરકી પરોળ વિસવસી વેણુના ધણી

(પિયુકે તજાવનાર વેરી અલંકાર)

અહો અવીનાશી દાશી આપની દુ ખી,
પતીથી મેળાવી કયારે કરશે સુખી;
પામીછું અપાર કષ્ટ પુર્ણ આથડી,
અવરેખી નથી મેં આનદની ગડી,
જોયુ નથી શૃગારનુ સુખ દ્રષ્ટથી,
તમને તપાવ્યુ છે વિયોગ કષ્ટથી,
પાપીણી હું પ્રેમદા અનાથ એકીલી,
માત ધન્ના તાત વિણુ આપને વળી

(મારા સ્વામી બોલોને વાલા એ રાગ)

જુલમ આશો જગત પતી કરશો, રૈશાઓ શું મુજ શિર દુ ખદરિયા ટેક
દયા કેમ નાવી તને આરી, નિરાધાર થઇ દુઃખી નારી;

ર્ાં ૧ તણ્ાું પેટ શું વિસારી   જુલમ આગો
નદાદુ:ખ વેઠની સુખ લેવા પ્રિતમને પ્યારનું સુખ દેવા;
દ ૧ મુજ હાલ થશે કેવા.   જુલમ આગો૦
નથી મુજ એલી હવે કોઇ મરીશ ગહન રાનમા હું રોઇ.
લીધ પ્રાણ નાથ દગે જોઇ.   જુલમ આગો

(લલિત છંદ.)

આજ હાય ઓ પ્રાણના પતી હું ખણી શું કરી મુજને અર્ત
હૃદયનું સહુ હેત હારીને પરહરી પ્રભુ કેમ પ્યારીને.
મળી ન હું હજી આપને કદિ નથી વિરોધનું વાક્ય હું ...
... ગુને ઉરે રીસ ધારીને પ્રરહરી પ્રભુ કેમ પ્યારીને
અવગુણો ભરી હું સુંદરી મુજ ક્ષમા કરો વાંક આ હરે
અબળાને અતિ માર મારીને પરહરી પ્રભુ કેમ પ્યારીને
પ્રિતમને મળી સુખ ચાખશુ ફિર વિષાદને દૂર નાંખશુ
આજ એ સહુ આશ બાળીને પરહરી પ્રભુ કેમ પ્યારીને

લક્ષ્મી-(નાગનકે બચે નાગ હુવે પ્યાર નહી રખના એ રાગ

જીવિશ હું નહિ જરુર આપને તજી,
નથી જરાય સ્વારથે હું આપને ભજી--ટેક
જાતા શરીર આપનું શું હું જીવી કરૂં
જીવ પવિત્ર પ્રીતીનાન જગતમાં હજી,
બળી આપના બળ્યા પછી ચિતામહી,
ગણી અશાર જગ શુદ્ધ સત્યને તજી.

પ્રવેશ ૪ થો.

સ્થળ સિંધલી હદનું જંગલ

(ચિતાની પાસે ઉભી રહીને)

સોન— (સીતાજીના મહિમાનો રાગ)
પ્યારા પ્રાણપતિ મતી મારી કરો ...

રાની થઇને ગણુ તમ સગ કૃપાળુ થજો તમે.
તજી તુચ્છ આ જગતનું સુખ રાચુ તમ રંગમા,
સેજે સ્નેહ સ્વીકારી નાથ સ્વપતિનને સગમા
મને આપ વિના ઘડી એક નહિ અહીંઆ ગમે,
બદકારી આ ભૂતરમા ભ્રમિત જીવડો ભમે
મને પ્યાર છે પામવા સૂખ સ્વર્ગ શણગારનુ,
આનુ પ્રેમથી કરવા પાન પ્રભુ તમારા પ્યારનુ

સોરઠો.

હાજાનો હદસણુ, આજ પિંડ ભરયો પોદાડિયો,
મીઠાંગ છુડયા મસાણુ, હુ હારી બેઠી હલામણા
હલામણુન હિયે, પાડય ખડકીયા,
દુર કરવા સ્વર્ગે સાથ, મારે બળવુ અરણના ધણી

સાન--

સોરઠો.

શઠ તેના પેટ ચોટ, હલામણુને અચ મો હુતો
હંગ હલકો કોટ, જનવા કાગળ જોડતા
ગએ મીઠંગ બાંધીયા, હલામણને હાથ
કોનલ દેવલનો સાથ, બળશે કેમ અરણનો ધણી
જનુ બોલ અંધ નહિ, મમ નહિ મનમાય,
તાકા મસ ન કીજીએ, છોડ ચલે ભનમાય
નાર ન બોલ કાહૂકુ, કેસી. કિનકી રીત
નુના હોત સુલક્ષણા, વેશ્યા હોય સલજ
પાના પાણી નિર્મળા, ત્રણે વાનુ અખજ,
દગાબાજ અમણુ નમે એતો કરે નિદાન
ચોર મીઠણુને દીપકરે, માણુને નમે કમાણ,
દૂનાર ઉપર દવ બળે, પ્રત બન જરે દગાર

જેની હેઠી હસ ગઈ તાકા ખુરા હવાલ,
એ ગાદી એ તખત એ ખેતર એ વાડીયુ.
કોઇ વગગાનો વખત કયુ કાઢી કાળો થયો

હુલ્લામણુ—(નાથ કેશી ગજકો બંધ છોડાયો.)

એ રાગ.

નમુ દીનીયાદર આનંદકારી અભિનંદન લેજો સ્વીકારી ટેક
દાસ તણી દીન વાણી દયાળુ હ્યો છો સદા ઉર ધારી,
અધમ ઉધ્ધારણ કારણ જગના, ત્રિગુણાત્મક ત્રિપુરારી નમુ
ભક્ત વત્સલ ભવ ભય હર છો, એક અને અવિકારીરે,
આદિ અનાદિ અમર અજ ઇશ્વર, નૌતમ લીલાધારી નમું
વિશ્વપતી મુજ વારે ચડીને, આ વડો લીધો ઉગારી,
ય સહુ દુર કરી સુખ આપ્યુ અધમને લીધો ઉગારી. નમુ

(સર્વ પાત્રો મળીને ગાય છે.)

(રાગ ઇંગ્રેજી વાજામા ગવાતી દમનો કલ્યાણ)
બને ભુમીના ભ્રાતને કરી વારવાર,
કરી પ્રણામ વારવાર હર્ષ ઉર ધારી અપાર—ટેક
નીતિનુ વિચીત્ર સહુ સ્વદેશીઓને મિત્ર,
ધારવા ઉરે પવિત્ર ભજવ્યો ખેલ ધારી પ્યાર બન
ટાળવા કુસંપ કલેશ સંપ સ્થાપવા હમેશ,
દેશ ઉન્નતિ વિશેષ પામવા કરી વિચાર બનં
જોઇ ખેલ દેશી મિત્ર ચાહશો સ્વદેશ હીત,
એકતા ગ્રહો ખચીત છોડી વ્હેમના વિચાર બનં
આપ દમીયોની પાસ અરજ કરીને ધારી આશ,
દોશ સહુ કરી વિનાશ સુગુણ ગ્રહણ કરશો યાર બનં
ભુલ ચુકની તમામ મારી માગીએ આ ઠામ,
પ્રેમથી કરી પ્રણામ લઇ સહુ રજા આ વાર બન

સમાપ્ત.

જાહેર ખબર.

દ્વિત્રિયા પતિદુઃખી.

દ્વિત્રિયા પતિદુઃખી અથવા બે સ્ત્રીઓ પરણવાથી નિપજ માઠા પરિણામ, આ નામનુ પુસ્તક હાલમા પ્રકટ થયું છે ને દ નસમજુ વર્ગને વાચવાની અમો ખાસ ભલામણ કરીએ છીએ સ્ત્રીઓ પરણવામા કેટલાક મોટાઇ સમજનારાઓએ આ પુસ્તક અવશ્ય મનન કરવું ઘટે છે. આ પુસ્તક ઉપરથી ઘણો સુબોધ લેવાનો છે બે સ્ત્રીઓ પરણનારની કેવી ફજેતી થાય છે પૈસે ટકે કેટલો ખ... થાય છે અને સર્વ પ્રકારે હેરાન હેરાન થઇ જાય છે ... ઉપયોગ કરી શકે એજ હેતુથી કિ. ૦-૧૨-૦ પોસ્ટેજ ૦-૧-

---

સદ્ગુણી વહુ.

મરાઠી ઉપરથી ગુજરાતી ભાષાન્તર કર્તા વનમાલી લાધા મોદી

આપુસ્તકમાં સુશીલ અને ઉત્તમ સ્વભાવ વાળી સ્ત્રીનુ (વહુનૂ) ચરિત્ર આપેલુ છે આપુસ્તકના વાચનથી સ્ત્રીઓને પોતાના પતિને સંગ કેવી રીતે વર્ત્તવું જોઇએ અને તેજ પ્રમાણે કુટુબની અંદર એક સદ્ગુણી માણસ હોય તો સર્વને કેવી રીતે સુખ પ્રાપ્ત થાય છે એ ... ભાવ આ ઘણોજ ચિત્ત વેધક અને મ... ૦-૧૦-૦) (પોસ્ટેજ ૦-૧-૦

સરનામુ

માહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

પુસ્તકાલય